COSMO FILMS
Engineered to Enhance

# Cosmo Filmsએ ઈનોવેટિવ પેકેજિંગ સોલ્યુશન્સ માટે જીત્યા ત્રણ પ્રતિષ્ઠિત SIES SOP Star Awards 2026

**નવી દિલ્હી, માર્ચ** 31, 2026: સ્પેશિયાલિટી ફિલ્મ્સ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર એવી **કોસ્મો ફિલ્મ્સે** પેકેજિંગ મટીરિયલ્સ અને કમ્પોનન્ટ્સની શ્રેણીમાં **9મા SIES SOP સ્ટાર એવોર્ડ્સ 2026** માં ત્રણ એવોર્ડ્ઝ જીત્યા છે. 17 માર્ચ, 2026 ના રોજ યોજાયેલા આ એવોર્ડ સમારોહમાં, કંપનીની ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતા અને એપ્લિકેશન-આધારિત પેકેજિંગ સોલ્યુશન્સ વિકસાવવાની શ્રેષ્ઠતાને બિરદાવવામાં આવી..

કંપનીએ જીત્યા આ ત્રણ ફિલ્મ્સ માટે જીત્યા એવોર્ડ

1. **ડીપ ફ્રીઝ એપ્લિકેશન માટે CPP ફિલ્મ (HST-1 (DF) CPP)**
2. **હાઈ બેરિયર પિગમેન્ટેડ BOPP ફિલ્મ (HST-1 (HBOM))**
3. **રિટોર્ટ એપ્લિકેશન માટે લિડિંગ ફિલ્મ (HST-1 (LRT) CPP)**

આ ત્રણેય ઈનોવેશન્સ ફૂડ અને FMCG સેક્ટરમાં બદલાતી જતી પેકેજિંગની જરૂરિયાતો, ખાસ કરીને ટકાઉપણું, બેરિયર પર્ફોર્મન્સ અને કાર્યક્ષમતાના ક્ષેત્રમાં કોસ્મો ફિલ્મ્સના મજબૂત ઈરાદાને દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, આ એવોર્ડની અગાઉની એડિશનમાં પણ કંપનીની બે પ્રોડક્ટ્સ – 'હાઈ-સ્પીડ પેકેજિંગ માટે મેટાલાઈઝ્ડ BOPP' અને 'નેક્સ્ટ જનરેશન UHB-HR MO' ને પણ આ એવોર્ડ જીત્યા હતા. આ બંને પ્રોડક્ટે METPET મોનો કાર્ટન પેકેજિંગ એપ્લીકેશનને બદલવામાં મહત્વનો ફાળો આપ્યો હતો.

આ CPP ફિલ્મ અત્યંત નીચા તાપમાને પણ ડીપ ફ્રીઝ એપ્લીકેશન્સ માટે ઉત્તમ પર્ફોમ કરવા માટે તૈયાર કરવામાં આવી છે, જે પ્રોડક્ટને નુકસાન ન થાય, તેનું ખાસ ધ્યાન રાખે છે. તો હાઇ બેરિયર પિગમેન્ટેડ BOPP ફિલ્મ ભેજ અને ઓક્સિજનથી પ્રોડક્ટ પર થતી અસર સામે ઉચ્ચ કક્ષા રક્ષણ પ્રદાન કરે છે, જે તેને સંવેદનશીલ પેકેજ્ડ પ્રોડક્ટ્સ માટે પરફેક્ટ બનાવે છે. તો ત્રીજી રીટોર્ટ લિડિંગ ફિલ્મ મજબૂતાઇ અને ઉત્પાદન સલામતી જાળવી રાખીને વધુ તાપમાનની સ્થિતિમાં સ્ટરીલાઈઝેશનની પ્રક્રિયાઓનો સામનો કરવા માટે તૈયાર કરવામાં આવી છે.

કંપનીએ મેળવેલી આ સફળતા અંગે ખાસ વાત કરતા કોસ્મો ફિલ્મ્સના ગ્લોબલ બિઝનેસ હેડ શ્રી કુલભૂષણ મલિકે કહ્યું,"ત્રણ SIES SOP સ્ટાર એવોર્ડ્સ જીતવા એ સાબિતી છે કે કંપની નવા સંશોધનો અને ગ્રાહક-લક્ષી પ્રોડક્ટ બનાવવા પર સતત ધ્યાન આપી રહી છે. આ એવોર્ડ ઉદ્યોગોની જરૂરિયાતોને પૂરી કરવાની સાથે ગુણવત્તા, કાર્યક્ષમતા અને ટકાઉપણું સુનિશ્ચિત કરવાની અમારા પ્રયત્નોને વધુ મજબૂત બનાવે છે."

SIES SOP સ્ટાર એવોર્ડ્સની 9મી આવૃત્તિમાં 51 કંપનીઓ તરફથી 227 એન્ટ્રીઓ આવી હતી, જેમાં ટોચની 49% એન્ટ્રીઓ યુઝર ઇન્ડસ્ટ્રીઝમાંથી અને 34% પેકેજિંગ યુઝર કન્વર્ટર/પ્રિન્ટર સેગમેન્ટમાંથી આવી હતી. કોસ્મો ફિલ્મ્સે પોતાની જબરજસ્ત R&D ક્ષમતાઓ અને વૈશ્વિક પેકેજિંગ ટ્રેન્ડ્ઝની સમજણ દ્વરા પોતાના સ્પેશિયાલિટી પોર્ટફોલિયોને સતત મજબૂત બનાવ્યો છે, જે આજે તેના એકંદર વ્યવસાયનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે.

કંપની વેલ્યુ એડેડ ફિલ્મો અને ટકાઉ પેકેજિંગ વિકલ્પ તરફ આગળ વધવાની સાથે વૈશ્વિક સ્પેશિયાલિટી ફિલ્મ માર્કેટમાં આગળ રહેવા માટે લેટેસ્ટ ટેક્નોલોજી તેમજ પ્રોડક્ટ ઈનોવેશન્સમાં સતત રોકાણ કરી રહી છે.

**About Cosmo Films:**

Cosmo Films is a global leader in specialty films for packaging, lamination, labelling and synthetic paper. With engineering of innovative products and sustainability solutions, Cosmo Films over the years has been partnering with worlds' leading F&B and personal care brands and packaging & printing converters to enhance the end consumer experience. With manufacturing units in India and warehousing in different parts of the world, the company has been at the forefront of developing

customer-centric solutions to deliver the finest product and service experience, backed by innovation, people, and processes.

**About Cosmo First Limited:**

Established in 1981 by Mr Ashok Jaipuria, Cosmo First Limited is an over four-decade-old global conglomerate. Its consumer vertical comprises Cosmo Consumer, which is into Window Films, Paint Protection Films & Ceramic Coatings for automobiles, and Zigly Pet Care, which provides a digital-first omni channel pet care ecosystem. Its industrial vertical includes Cosmo Films for specialty films for packaging, labels, lamination, and industrial applications; Cosmo Speciality Chemicals for coatings, adhesives and masterbatches, and Cosmo Plastech for rigid packaging. With sustainable innovation, development, and research embedded in its core values, Cosmo First serves customers in 100+ countries.

---

•

મૂલ્ય-વર્ધિત ફિલ્મો અને ટકાઉ પેકેજિંગ ઉકેલો પર વધતા ભાર સાથે, કંપની વૈશ્વિક બજારમાં પોતાની પકડ મજબૂત રાખવા માટે અદ્યતન ટેકનોલોજીમાં રોકાણ કરવાનું ચાલુ રાખી રહી છે.